**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૧૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૭૦ ટકા

# શહેરમાં યોજાઈ અવિસ્મરણીય નૃત્ય સંધ્યા

## જાણીતા અને સુમધુર ગુજરાતી ગીતોને આકર્ષક અને નયનરમ્ય નૃત્યોમાં રજૂ કરાયા








ગાંધીનગર, તા.૨૪

શહેરની જાણીતી સંસ્થા કલાગુર્જરી દ્વારા નૃત્ય સંધ્યા યોજાઈ હતી. જેમાં નૃત્યભારતી પરફોર્મીંગ આર્ટસ દ્વારા જાણીતા અને સુમધુર ગુજરાતી ગીતોને આકર્ષક અને નયનરમ્ય નૃત્યોમાં પ્રસ્તુત કરવામાં આવ્યા હતા.

કલાના દરેક સ્વરૂપોને સ્વીકારતી સંસ્થા કલાગુર્જરી દ્વારા દર વર્ષે વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. હાલમાં જ સંસ્થા દ્વારા નૃત્યસંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કલાગુરૂ ચંદન ઠાકોર અને નિરાલી ઠાકોરના માર્ગદર્શનથી નૃત્યભારતી પરફોર્મીંગ આર્ટસના શિષ્યો દ્વારા જાણીતા અને સુમધુર ગુજરાતી ગીતોની આકર્ષક અને નયનરમ્ય નૃત્યોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. જેમાં સ્વરથી ઈશ્વર, નર્તન કરે નટરાજ, ગજાનન સ્તુતિ, મહિસાસુર મર્દિની, ગોવિંદલીલા, જળકમળ છાંડી જાને બાળા જેવી કુલ ૧૩ કૃતિની પ્રસ્તુતી દ્વારા કલાકારોએ દર્શકોનું મન મોહી લીધું હતું.

આ કાર્યક્રમનું સંપૂર્ણ સ્ટેજ સંચાલન ડૉ. માર્ગીબેન હાથી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ એન.પી. પટેલ, પૂર્વ સાંસ્કૃતિક મંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી, કલ્ચરલ ફોરમના મંત્રી હિરેન ભટ્ટ, કલાગુર્જરીના કારોબારી સભ્યો, શહેરની તાલીમ આપતી નાટયસંસ્થાના કલાકારો અને કલાગુરૂઓ તથા શહેરના કલારસિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં સંસ્થાના ઉપપ્રમુખ જયરાજસિંહ સરવૈયા, અશોકભાઈ ત્રિવેદી, કાર્યક્રમ સંચાલિકા આશાબેન સરવૈયા, મંત્રી મિરેન બ્રહ્મભટ્ટ તથા પ્રદીપસિંહ બિહોલાનો વિશિષ્ટ ફાળો રહ્યો હતો.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**મરજાવા**
૧૧.૪૫, ૫.૧૫, ૧૦.૪૫

**પાગલપંતી**
૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૦૦, ૧.૦૦, ૩.૦૫, ૪.૦૫, ૬.૧૦, ૭.૧૦, ૯.૧૫, ૧૦.૧૫

**બાલા**
૧૦.૩૦, ૨.૩૦, ૮.૦૦

**હાઉસફૂલ-૪**
૯.૪૫

**હેલ્લારો (ગુજરાતી)**
૯.૧૦, ૧.૨૦, ૭.૨૫, ૧૦.૦૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**મરજાવા**
૯.૪૫, ૧.૪૫, ૩.૩૦, ૭.૨૫, ૧૦.૩૫

**બાલા**
૧૧.૦૦, ૪.૩૫, ૧૦.૧૫

**હાઉસફૂલ-૪**
૧૨.૩૦

**હેલ્લારો (ગુજરાતી)**
૫.૧૦, ૭.૪૫, ૧૦.૨૦

**સિટી પલ્સ, કુડાસણ**

**મરજાવા**
૧૨.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

**હાઉસફુલ-૪**
૩.૪૫, ૯.૩૦

**બાલા**
૯.૪૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦

**હેલ્લારો (ગુજરાતી)**
૪.૦૦, ૭.૦૦, ૯.૩૦




શનિવારના રોજ સે-૧૭ સ્થિત હનુમાનજી મંદિર ખાતે ચિ.પાર્થના કંઠે સુંદરકાંડના પાઠ યોજાયા હતા.

# પીડીપીયુ માર્ગ પર કાર ચાલકે એકટીવાને ટક્કર મારતા એક ઈજાગ્રસ્ત

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના ચકાચક માર્ગો પર વાહન ચાલકો બેફામ ગતિએ વાહનો હંકારે છે. શહેરમાં ટ્રાફિક નિયમનનું ઉલ્લંઘન કરી વાહનચાલકો વાહનો હંકારે છે. જેને પગલે નગરના માર્ગો પર નાના મોટા અકસ્માત સર્જાય છે, અને વાહનચાલકોને નાની મોટી શરીરે ઈજાઓ પહોંચે છે. તો કેટલાક વાહનચાલકોને ગંભીર ઈજા પહોંચતા મૃત્યુને ભેટે છે. ત્યારે ગાંધીનગર-કોબા માર્ગ પર ભાઈજીપુરા પાટીયાથી પીડીપીયુના માર્ગ પર ગતરોજ રાત્રીના સુમારે ઘરે જવા નીકળેલા એકટીવા ચાલકને કોઈ અજાણી કારે ટક્કર મારી અકસ્માત સર્જયો હતો.

બનાવની પ્રાપ્ત માહિતી મુજબ અમદાવાદ મેઘાણીનગર ચુવાણનગર વિભાગ-૩ મકાન નં.૬૮ ખાતે રહેતા કૃણાલ કિશોરભાઈ આસોડીયા પોતાના પરિવાર સાથે રહે છે અને પીડીપીયુની કેન્ટીન ખાતે મેસ કોફીનામ દુકાન ચલાવે છે. ગતરોજ રાત્રીના સાડા દશ વાગ્યાના અરસામાં કૃણાલ અને તેના મોટાભાઈ દુકાન બંધ કરીને એકટીવા નં.જી.જે.૦૧.યુ.એન-૮૮૬૯ લઈને અમદાવાદ ઘરે જઈ રહ્યા હતા. ત્યારે પીડીપીયુ તરફ જતા માર્ગ પર જીઈબી પાવર સ્ટેશન નજીક પસાર થઈ રહ્યા હતા તે સમયે એક ગાડીવાળાએ એકટીવાને જમણી બાજુ ટક્કર મારતા બંન્ને ભાઈઓ નીચે પડી ગયા હતા. ગાડી ચાલક થોડીવાર માટે ઉભો હતો. ત્યારબાદ નજર ચુકવીને ભાગી છુટ્યો હતો. જયારે ફરીયાદીના મોટાભાઈને અકસ્માતમાં ઈજા પહોંચતા અને બલ્ડ નીકળતા મોટી સંખ્યામાં નાગરીકો એકઠા થઈ ગયા હતા. ઈજાગ્રસ્તને સારવાર માટે મોકલી આપતા પગે ફ્રેકચર હોવાનુ નિદાન થયું છે અને અમદાવાદ સિવિલમાં સારવાર હેઠળ છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે અજાણ્યા કાર ચાલકને શોધવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર ભલીબેન સદાજી, ઉ.વ. ૮૨
- સ્વ. દેસાઈ ચેહરબેન ભીખાભાઈ, ઉ.વ. ૫૪
- સ્વ. ઠાકોર કાન્તાબેન શનાજી, ઉ.વ. ૬૦
- સ્વ. દાતણીયા મધુબેન પુરણભાઈ, ઉ.વ. ૫૯

# ભારતીય ભુ વૈજ્ઞાનીક સર્વેક્ષણ કચેરી સામે બગીચા જુગાર રમતા ચાર શખ્સોની ધરપકડ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરની ભારતીય ભુ વૈજ્ઞાનીક સર્વેક્ષણી કચેરીના કંમ્પાઉન્ડ વોલની સામે બગીચા પાસે જાહેરમાં જુગાર રમતા ચાર શખ્સોની પોલીસે ધરપકડ કરી રૂ. ૧૬,૭૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારાનો કેસ કરી વધુ તપાસ સેકટર-૨૧ પોલીસ કરી રહી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ શહેરની સેકટર-૭ પોલીસની ટીમ પેટ્રોલીગમાં હતી તે દરમિયાન ગતરોજ પોણા ચાર વાગ્યાના અરસામાં સેકટર-૧૦ એ આવતા પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે શહેરના છ-૪ પાસે આવેલા ભારતીય ભુવૈજ્ઞાનિક સર્વેક્ષણ ગાંધીનગરની કચેરીની અંદર કંમ્પાઉન્ડમાં આવેલા બગીચા નજીક ખુલ્લામાં કેટલાક શખ્સો જાહેરમાં જુગાર રમી રહ્યા છે. પોલીસે જે તે બાતમીવાળી જગ્યાએ રેડ પાડીને સ્થળ પરથી જુગાર રમતા રમેશ જીવાભાઈ પરમાર (રહે. મોટા ચિલોડા આસ્થા ફલેટ એ.૧૦૭), પ્રવિણ બબાભાઈ વાઘેલા (ઉં.વ.૫૪ રહે. વાલ્મીકી વાસ પાલજ), ગણેશ શીવાભાઈ લઢેર સે-૧૨ ગાંધીનગર, જયારે કલ્પેશ નાથાભાઈ વણકર (નાડીયા વાસ ગામ વાવોલ)ને પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૦,૨૨૦ તેમજ ૪ મોબાઈલ ફોન નં.૬૫૦૦ મલીને કુલ રૂ.૧૬૭૨૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે જુગારધારા હેઠળ કેસ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કે.બી. ઈન્સ્ટિટયૂટ ખાતે નેશનલ ફાર્મસી વીકની ઉજવણી

ગાંધીનગર, તા.૨૪

આરોગ્ય ક્ષેત્રે દવાની માહિતી પુરી પાડતા ફાર્માસિસ્ટનું આરોગ્ય ક્ષેત્રે મહત્વનું યોગદાન રહ્યું છે. આ યોગદાનને બિરદાવવા માટે 'ઈન્ડિયન ફાર્મસી એસોસિએશન દ્વારા દર વર્ષના નવેમ્બર મહિનાના ત્રીજા અઠવાડિયાને નેશનલ ફાર્મસી વીક તરીકે જાહેર કરવામાં આવ્યું છે. જે અંતર્ગત સે-૨૩ સ્થિત કે.બી. ઈન્સ્ટિટયૂટ ઓફ ફાર્માસ્યુટીકલ એજયુકેશન (ફાર્મસી કોલેજ) ખાતે 'ફાર્માસિસ્ટ તમારી દવાના સલાહકાર'ની થીમ હેઠળ ઉજવણી કરવામાં આવી હતી.

નેશનલ ફાર્મસી વીકની ઉજવણીમાં શહેરના તેજ આઈસેન્ટરના નિષ્ણાંત ડૉ. તેજલ લાલ અને તેમના સેન્ટરની ટીમે હાજર રહીને ૯૦ જેટલા અધ્યાપક અને વિદ્યાર્થીઓની આંખની ચકાસણી કરી હતી. આ ઉજવણીની થીમને અનુસરીને કોલેજના ઈસ્પોર સ્ટૂડન્ટ ચેપ્ટરના વિદ્યાર્થીઓ દ્વારા કવીઝ, પોસ્ટર મેકિંગ, શોર્ટ ફિલ્મ મેકિંગ અને વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં કોલેજના ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે તેજ આઈ કેર સેન્ટરના કર્મચારીઓ તેમજ કે.બી. ઈન્સ્ટીટયૂટના ઈસ્પોર સ્ટૂડન્ટ ચેપ્ટરના વિદ્યાર્થીઓ, સ્ટાફ તથા પ્રિન્સિપાલનો વિશિષ્ટ ફાળો રહ્યો હતો.







જલારામ મંદિર સે-૨૯ ખાતે મંદિરના પાટોત્સવ નિમિત્તે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સમાજના સભ્યો ખાસ ઉપસ્થિત રહ્યા હતા તથા મહાનગર પાલિકાના મેયર રીટાબેન પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# કયાં સુધી આપણી 'શ્રધ્ધા'ને (અ)ધાર્મિકતાના હાથનું રમકડું બનવા દઈશું??

## જ્ઞાનના યુગમાં પણ પ્રવર્તી રહેલી 'અજ્ઞાનતા'નો લાભ લઈ લેભાગુ ધર્મગુરૂઓ એશોઆરામમાં રાચે છે
## ફેમિલી ડોકટરના બદલે 'ફેમિલી બાબા'ની ઘેલછાં જાણે-અજાણે કહેવાતા 'ગોડફાધર'ના કુકર્મોને પોષે છે




ગાંધીનગર, તા.૨૪

લો, ફરી એકવાર વધુ એક ધર્મગુરૂ અને તેમનો આશ્રમ વિવાદમાં સપડાયો છે અને મહિલાઓને ગેરમાર્ગે દોરી જવી, કુમળી વયના બાળકોનું અઘટીત શોષણ કરવાથી માંડીને મહિલાઓ-બાળકો ગુમ થઈ જવા જેવા કુકર્મો છતાં થઈ રહ્યા છે અને હજુ તેમાં ઘણા આઘાતજનક રહસ્યો ખુલે તેવી શંકા પણ સેવાઈ રહી છે. જેના પગલે સામાન્ય માનવીની 'આસ્થા' પર વધુ એક કુઠરાઘાત થઈ રહ્યો છે. આજના હરિફાઈના યુગમાં વધતા જતા 'ગ્રાહકવાદ'ની ઝાકમઝોળથી અંજાઈને 'દેખાદેખી'નો શિકાર બનતો સામાન્ય માનવી પોતાની અને પોતાના આશ્રિતોની વણથંભી અપેક્ષાઓ સંતોષવાની લ્હાયમાં માનસિક તણાવનો શિકાર બની બેસે છે. અને પછી 'ડુબતો તરણું શોધે' તેમ કોઈ ધાર્મિક બાબા, ગુરૂ, મહંત, ભુવા, મૌલવી કે ગોડફાધરના ખોળામાં માથુ ધરી દઈ ચમત્કારિક બચાવની આશામાં આસાનીથી ભરમાઈ જાય છે જેનો ગેરલાભ 'ધર્મ' કે 'દિવ્યશકિત'ના નામે આવા લે ભાગુ ધાર્મિક 'બાબા'ઓ લીધે રાખે છે અને તેમની માયાજાળને વધુને વધુ વિસ્તારે છે. આજે એક તરફ ભારત ચંદ્રયાન અને મુનમિશન જેવી વૈજ્ઞાનિક સિધ્ધિઓ હાંસલ કરી રહ્યું છે ત્યારે બીજી તરફ હજુ પણ 'અવતારવાદ'ની ધૂંસરી પકડીને બેઠેલો સામાન્ય નાગરિક 'ફેમિલી ડૉકટર' કરતા 'ફેમિલી બાબા'ની જરૂરિયાતને સર્વસ્વ માની રહ્યો છે અને તેથી જ આ પ્રકારના કૌભાંડો સમયાંતરે સર્જાતા રહે છે.

ભારતીય સંસ્કૃતિ વિશ્વની પ્રાચીનતમ સંસ્કૃતિ ગણાય છે અને આપણી સંસ્કૃતિમાં આધ્યાત્મિકતાનું તત્વ સદીઓથી જોવા મળે છે. જો કે મર્યાદિત સંશાધનોનો ઉપયોગ કરી સંતોષી જીવનની ફિલસુફીમાંથી આપણે જેને પ્રાશ્ચાત્ય સંસ્કૃતિની દેન કહીએ છીએ તેવા 'ઉપભોકતાવાદ'ને આસાનીથી અપનાવવા સુધી આવી ગયા છીએ પરંતુ આ 'ઉપભોકતાવાદ'ના દૂષણો લેભાગુ બાબાઓ માટે તેમનો 'ભોકતાવાદ' સંતોષવાના સાધનો સમાન પુરવાર થઈ રહ્યાં છે. એવું નથી કે આ પ્રકારના ધાર્મિક આડબંરી ધર્મગુરૂઓનો શિકાર ગામડાંની ભોળી-અભણ કે અણસમજુ પ્રજા જ બને છે બલ્કે વિજ્ઞાન ક્ષેત્રે વિશ્વભરમાં નામના ધરાવતા વિજ્ઞાનીઓથી માંડીને તબીબો, ઈજનેરો, વકીલો, અર્થશાસ્ત્રીઓ કે રાજકારણીઓ અથવા સિધ્ધિ પ્રાપ્ત કલાકારો-ખેલાડીઓ પણ તેમની મોહજાળમાં ફસાતા જોવા મળે છે. આજે મોટાભાગના 'બાબાઓ'ના અનુયાયીઓમાં કેટલા ડૉકટર્સ કે એન્જિનીયર્સ અથવા આઈટી નિષ્ણાંતો કે સનદી અધિકારીઓ તથા ફિલ્મસ્ટાર્સ સામેલ છે તેને આધારે તેમની મહત્તાનો ગ્રાફ અંકાય છે. ઘણા પરિવારો તો તે માત્ર આધ્યાત્મિક બાબતે કેટલા આધુનિક છે તે દર્શાવવા ફલાણા કે ઢીંકણા આચાર્ય કે ગુરુના શિષ્ય બને છે અને તેમાં પણ તેઓ કેટલી અગ્રીમ હરોળમાં છે તે દર્શાવવાની લ્હાયમાં પોતાના કુમળા સંતાનોને 'બાબા'ની શરણમાં વગર વિચારે કે વગર ખાતરી કરે ધકેલાતા અચકાતા નથી. શ્રધ્ધા અને અંધશ્રધ્ધા વચ્ચેની ભેદરેખા જયારે ઓળંગાઈ જાય ત્યારે લેભાગુ બાબાઓને આસાનીથી ખુલ્લું મેદાન મળી જાય છે. ગ્રામીણ વિસ્તારોમાં આજે પણ 'ભુવાજી'ને સર્વસ્વ માનતા હોય તેવી સ્થિતિ પણ જોવા મળે છે.




એવું નથી કે સમાજમાં કોઈ ચોકકસ ધર્મમાં જ આ પ્રકારના આડંબર જોવા મળે છે પરંતુ લગભગ દરેક ધર્મમાં આવા બાબાઓ કોઈને કોઈ નામથી મોજુદ છે અને જે તે ધર્મના અનુયાયીઓને ગેરમાર્ગે દોરી અથવા સાચી ખોટી ભ્રામકવાતો કરી બોલાવતા રહે છે અને પોતાની દુકાન ચલાવતા રહે છે. આ બાબાઓ શરૂઆતમાં પોતાના મળતીયાઓની મદદથી પોતાની સિધ્ધિઓ, ધાર્મિક ડિગ્રીઓ કે ભ્રામક કલ્યાણકારી કિસ્સાઓની ઉપજાવી કાઢેલી વાતો-કિસ્સા સુનિયોજિત રીતે ફેલાવી ભકતોને આકર્ષવાનું કામ કરે છે પછી આધુનિક ટેકનોલોજી સહિત ઉપયોગ કરી ધાર્મિક મહોત્સવો અને રસતરબોળ કરી દેતી ઉજવણીઓ સાથે આશ્રમોના વૈભવના દેખાડા કરી આંજી નાખવા પ્રયાસ કરવામાં આવે છે. આ દરમિયાન કપોળ કલ્પિત ઘટનાક્રમ સર્જી અથવા પૌરાણિક શાસ્ત્રો વગેરેના કોઈ એકાદ આયામને હથિયાર બનાવી તેની શ્રેણીબધ્ધ શ્રૃંખલામાં અનુયાયીને સંડોવવામાં આવે છે અને ભકતને જે 'ઈષ્ટદેવ' કે 'ઈશ્વર' નામે આકર્ષ્યા હોય છે તે ધીમે ધીમે એક તરફ કરી પોતે તેના માનસ પર છવાઈ જાય તેવું પધ્ધતિસરનું 'માર્કેટીંગ' કરવામાં આવે છે. એકવાર અનુયાયી આ 'માર્કેટીંગ'નો શિકાર બની જાય પછી તેને સતત 'અહોભાગ્ય'નો અહેસાસ કરાવતા રહી અન્યોને પણ આમાં ઢસડી લાવવાનું 'પુણ્ય' કામ સોંપવામાં આવે છે. ફિલ્મસ્ટાર કે ક્રિકેટરની ચાહનામાં તેનું મંદિર બનાવીને પૂજવા લાગતી પ્રજાની માનસિકતા માટે તો તેમના 'બાબા' જ ભગવાન બની જાય છે અને જાણે અજાણે તેમના કુકર્મોને પ્રોત્સાહન આપવાના કામમાં જોતરાઈ જાય છે અને પછી મારા 'ફેમિલી બાબા' જેને તમે પણ સ્વીકારો જેથી તમને 'સન્માર્ગ' તરફ વાળવાનું 'પુણ્ય' મને મળે તેવા છુપા સંતોષની આશમાં પોતાના નિકટના સ્નેહીજનોને પણ આગ્રહપૂર્વક ઢસડી લાવવાના પ્રયાસો કરવા લાગે છે. આ એક પ્રકારનું માઈક્રોબ્રેઈન વોશીંગ પણ કહી શકાય તેવી સ્થિતિ હોય છે.

સાવ, એવું પણ નથી કે સમાજમાં જોવા મળતા દરેક ધર્મઅગ્રણી લે ભાગુ છે અથવા ધાર્મિકતા એ ખોટી વસ્તુ છે. આજે પણ સમાજમાં માનવીય મૂલ્યો 'ધર્મ'ના સહારે ટકયા છે અને ઘણા કસ્સામાં વિજ્ઞાને પણ 'શ્રધ્ધા'ની શકિતને સ્વીકારી છે. ઓશો રજનીશ કહે છે કે 'પશ્ચિમનું સત્ય લેબોરેટરી ટેસ્ટેડ છે કેમ કે જે વાત આજે સત્ય છે તેને વિજ્ઞાન કાલે ખોટી સાબિત કરી દે તે પશ્ચિમ તેને ખોટી માની લે છે, જયારે પૂર્વનું સત્ય વિજળીના ચમકારા જેવું છે અને આ ચમકારાના ઉજાસમાં જે દ્દશ્ય નજરે ચઢયું તે સત્ય છે. આ ચમકારા છે રામ, કૃષ્ણ, બુધ્ધ, મહાવીર કે ગુરૂનાનક જેવી વિભૂતિઓ. જો કે આપણે આ વિજળીના ચમકારે મોતીડાં પરોવવાને બદલે ચોતરફ ઉભા થઈ ગયેલ આંજી નાંખતા આર્ટિફિશ્યલ 'અવતારો'ની ચમકને 'એકમાત્ર' સત્ય માન્યા કરીશું તો આવા 'અધાર્મિક' આડંબરો કયારેય અટકશે નહીં તે પણ ચોકકસ છે.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com